આપ જાણો છો ?

૧. નાગર વણિક સમાજના ઈતિહાસ મુજબ સમસ્ત નાગર વણિક સમાજના કુળદેવ શ્રી હાટકેશ્વર મહાદેવ છે.

૨. ઈતિહાસ મુજબ સમસ્ત નાગર વણિક ની કુળદેવી શ્રી અંબાજી મા છે.

૩. સમગ્ર નાગર વણિક સમાજે વૈષ્ણવ સંપ્રદાયનો પુષ્ટી માર્ગ સ્વીકાર્યો છે, અને આફણાં ભક્તિ માર્ગીયના આચાર્યનીશ્રી શ્રીમદ્ વલ્લભાચાર્ય છે.

૪. બ્રાહ્મણોત્પતિ માર્તંડ (પાના આપના શ્લોક ૬૬ થી શરૂ) ના આધારે શ્રી વિસાનાગર વણિક જ્ઞાતિની ઉત્પતિનો ઈતિહાસ નીચે મુજબ છે.

દિલ્હીના અકબર બાદશાહના દરબારમાં ખ્યાતનામ તાનસેન ગવૈયા પાસે બાદશાહે - દીપક રાગ ગવડાવ્યો. દીપક રાગ ગાવાથી તેના અંગમાં અગ્નિ પ્રજ્વલિત થયો. આ રાગનું મારણ રાગ મેઘમલ્હાર રાગ હતો, પરંતુ તેનો ગાયક ત્યાં ન હતો, જેથી તે દેહશાન્તિ માટે મલ્હાર રાગ ગાનારની શોધમાં રખડતો રખડતો -વડનગર આવી પહોંચ્યો. તે સમયે નાગર કુમારીકાઓ-તાના અને રીરી આ રસ્તેથી પસાર થઈ તેમને ગવૈયાને જોયો તેના દીલની બળતરા બે બહેનો પામી ગઈ ઘરે જઈ પિતાને વાત કરી અને પિતાની આજ્ઞા મેળવી. તાના અને રીરી બંન્ને ગાયક તાનસેન પાસે આવી, અને અંગના અગ્નિને શમાવવા મેઘમલ્હાર ગાવા અનુમતિ માગી. બહેનોએ તાનસેનનું દુઃખ દુર કરવા મલ્હાર રાગ ગાયો, જેથી તેની વ્યાધિનો-અંત આવ્યો. ત્યાંથી તાનસેને દિલ્હી જઈ, પોતાની દેહશુદ્ધીની હકીકત બાદશાહને સાદર કરી.

નાગર બ્રાહ્મણોની ઔરતો ઘણીજ સ્વરૂપવાન હોવાનું બાદશાહની જાણમાં હતું જેથી તે ઔરતોને દિલ્હી પોતાના દરબારમાં માનમોભા સાથે લઈ આવવા સૂચના આફી. બાદશાહના લશ્કરી વડાએ વડનગર આવી નાગરો પાસે બે-બહેનોની માગણી મૂકી પરંતુ આ અજુક્તિ માગણીને લઈ ધીંગાણુ મચ્યું. અને કેટલાય નાગર બ્રાહ્મણો મરાયા-નાગર ઓરતોએ પોતાના શિયળ અને ધર્મનાં રક્ષણ ખાતર પોતાના પ્રાણ ત્યાગ કર્યા. બે નાગર બાળાઓએ પોતાના શરીરમાંથી અગ્નિ પ્રગટાવી શહીદી સ્વીકારી લીધી આ બે બહેનોની શહીદીને યાદ આપતી સમાધિયો વડનગરની ભાગોળએ આવેલી છે. ગાયક વૃંદ આઝે તેની બૌધા આખડી રાથે છે .મુસ્લીમ લશ્કરની હાથમાંથી છટકવા ઘણઆં બ્રાહ્મણોએ ઉપવિતનો ત્યાગ કરી જીવ બચાવ્યા. પરંતુ શાંતિના સમયે-બ્રહ્મકર્મથી વિમુખ થયા (જનોઈ ત્યજી દીધી તે કારણે) ના કારણે તેમને-કાયમ માટે વડનગર છોડવાની ફરજ ઉભી થી. આવા ૭૪૫૦ જેટલા મુળ-નાગર બ્રાહ્મણોએ જુદા જુદા સમયે વડનગર સ્થળનો ત્યાગ કરી પરિભ્રમણો શરૂ કર્યા તેઓ પેકીના-સિધ્ધપુર-પાટણ-સુરત-માણસા-વિસનગર વિગેરે ગુજરાતના સ્થળોએ સ્થાયી થયા અને કેટલાંકો સૌરાષ્ટ્રના નવાનગર પોરબંદર - જૂનાગઢ - માંગરોળ ઘોઘા - મહુવા - દેલવાડા - ઉના - પ્રભાસપાટણ અને કચ્છના ભુજ અને રાજસ્થાન સરહદના વાંસવાડા સ્થળે સ્થાયી થયા. આ કુટુંબોને જ્યારે તેમને બ્રહ્મકર્મના બહાના નીચે તરછોડવામાં આવ્યા, ત્યારે તેમની આવી ઉપેક્ષાને લઈને - વડનગરમાં આવાં કુટુંબોએ વણિક અને શાહ અટક સામુદાયિક રીતે સ્વીકારી પરંતુ તેઓ શ્રેષ્ઠ છે તેવું બતાવવા વીસા-એટલે વીસે વીસવસા-નાગર સંજ્ઞા ધારણ કરી જુદા જુદા સમયે વડનગરથી સ્થળાંતરી શરૂ કરી. અનૂકુલ સ્થળોએ સ્થાયી થયા.

વણિક કોમના નામની શરૂઆત શાહ અટકથી લખાય છે. ગુજરાતમાં શાહ અટક માત્ર વણિક કોમમાંજ હયાતી ધરાવે છે. શાહ એટલેજ વાણિયો એવી લગભગ દ્રઢ માન્યતા બની ગઈ છે.

શાહ અટક શા ઉપરથી શરૂ થઈ તે સબંધે અનેક તર્કવિતર્ક થયા છે. વિદ્વાનોનું માનવું છે કે સત્યનારાયણની કથામાં સાધુ વાણિયો આવે છે. સાધુ વાણિયો એ સદગૃહસ્થ વાણીયો શાહ શબ્દ સાધુમાંથી ઉતરી આવેલ છે. એવું માનીએ તો વણિક લોકોને ગૌરવ ભરેલુ ગણાય. નાગર બ્રાહ્મણના ૨૭ ગોત્રો પેકીના ગોત્રો કે પેટ ગોત્રો જે વાંકે-સૌનક-બત્રીસા-ગૌતમ-તારિયાના-રાંઢવ-વસિયાણા-પંચકિયા-સાલીયાણા-ટોકરિયા-મલ્લાણા-જીવીત્યાન-બાવીસિયા-બબચ્ચા જેવા ગોત્રો-નાગર બ્રાહ્મણ હોવાની શાખ પૂર છે.

૫. શ્રી નવગામ વિસાનાગર વણિક સમાજે એટલે ૧૯૮૨ સુધી સમાજમાં ચાલતા મંડળો-ગ્રુપોને એકત્ર કરી વડીલોની જહેમતથી બનાવવામાં આવેલ એખ સંગઠન. આ સમાજ-સંગઠનના પ્રથમ પ્રમુખ સ્વ. શેઠ શ્રી રમણલાલ મથુરાદાસ શાહ (માણસા) હતા.

૬. નાગર નિવાસ, એટલે સવંત ૧૯૯૧, સને ૧૯૩૫ માં સ્વ. શેઠ શ્રી ગીરધરલાલ ન્હાલચંદ શાહ ટ્રસ્ટ અને સ્વ. શેઠ શ્રી ચુનીલાલ ન્હાલચંદ શાહ ટ્રસ્ટ, તેવખતે આજીવીકા માટે માદરે વતનમાંથી મુંબઈ આવતા જ્ઞાતિભાઈઓ માટેનું આશ્રય સ્થઆન સમાન હતું. કારણ કે તે બિલ્ડીંગમાં માત્ર રૂ।. ૨ થી ૬ માસીક ભાડુ લઈ સમાજજને હંગામી ધોરણે જગ્યા આફવામાં આવતી હતી. તે સમયે આ બિલ્ડીંગ સેનેટોરીયમ તરીકે ઓળખાતું હતું.

૭. ગોકલદાસ હકમચંદ નિવાસ નો ઈતિહાસ

ક) તા. ૦૨.૦૨.૧૯૬૫ ની મંડળની કાર્યવાહી સમિતિએ જ્ઞાતિભાઈની સોસાયટી માટે પ્રોજેક્ટ બનાવવા શ્રી બાલમુકુંદભાઈ વ્રીજલાલ શાહ, શ્રી કાન્તીલાલ મોહનલાલ શાહ, શ્રી સુર્યકાન્ત દેવીદાસ શાહ, સ્વ. બાબુલાલ ગોકલદાસ શાહ, સ્વ. શ્રી કાન્તીલાલ વાડીલાલ પેથાપુરવાળા તથા શ્રી સુંદરલાલ જમનાદાસ કાપડિયા ની એક કમિટિ બનાવી હતી.

ખ) તા. ૦૭.૧૦.૧૯૬૫ ના રોજ મકાન ફંડ એકઠું કરવા ચર્ચા વિચારણા અને સલાહ સુચનો માટે જ્ઞાતિજનોની એક સામાન્ય સભા બોલાવવામાં આવી. તેમાં ફંડ અંગે મંડળ રજીસ્ટર્ડ સંસ્થા ન હોવાથી એક જુદુ ટ્રસ્ટ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

ગ) તા. ૩૦.૧૧.૧૯૬૫ ના શુભ દિવસે પદમશ્રી સ્વ. શ્રી વિઠ્ઠલદાસ હકમચંદદાસ શાહે મે. લલ્લુભાઈ અમીચંદ પ્રા. લી. વતી આ પ્રોજેક્ટમાં રૂ।. ૧,૦૦,૦૦૦/- (એક લાખ પૂરા) ના અનુદાન માટે જાહેરાત કરી હતી અને આવી બીજો પ્રોજેક્ટ થાય તો વધારાના રૂ।. ૧,૦૦,૦૦૦/- તેમાં પણ આપશે તેરું આભય વચન આપ્યું હતું.

ઘ) તા. ૧૦.૦૧.૧૯૬૭ ના શુભ દિવસે રૂ।. ૧૦૦૦-૧૦૦૦ કોર્પસ ફંડ તરીકે આફી સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટ બનાવનાર (સેટલર) તરીકે સ્વ. શ્રી વિઠ્ઠલદાસ હકમચંદદાસ શાહ, સ્વ. શ્રી. વાડીલાલ ચુનીલાલ ન્યાલચંદદાસ શાહ, સ્વ શ્રી જમનાદાસ સાકલચંદદાસ શાહ, સ્વ. શ્રી મોહનલાલ હરગોવનદાસ શાહ તથા સ્વ. શ્રી ચીમનલાલ મુલચદદાસ શાહે ટ્રસ્ટ એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. આ ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ સ્વ. શ્રી મોહનલાલ હરગોવદાસ શાહ હતા.

ચ) તા. ૨૦.૦૪.૧૯૬૭ ના રોજ ટ્રસ્ટને સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે અને આવક વેરા ઓફીસમાં રજીસ્ટ્રેશન મલ્યુ હતું. તેવી જાહેરાત કરવામાં આવી હતી.

છ) તા. ૨૫.૧૨.૧૯૬૮ ના શુભ દિવસે પરમપૂજ્ય શ્રી રવિશંકર મહારાજના શુભ હસ્તે ખાત મુર્હત-ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

જ) તા. ૧૫.૧૧.૧૯૬૯ ની ખાસ સામાન્ય સભામાં બિલ્ડીંગમાં કુલ ૪૭ ફ્લેટો દીઠ રૂ।. ૪૦૦૦/- ડીપોઝીટ લઈ, ડ્રો યોજી, જેનો નંબર લાગે તે જ્ઞાતિભાઈને સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ફ્લેટ આપવામાં આવશે. તેવા ટ્રસ્ટનાં નિર્ણયને વધાવીલેવામાં આવ્યું હતું. આ અંગેના ફોર્મ્સ દાદીશેઠ અગિયારી લેન ખાતે આવેલ સ્વ. મોહનલાલ હરગોવનદાસ શાહની ઓફીસમાંથી આપવામાં આવ્યા હતા.

ઝ) તા. ૨૭.૧૧.૧૯૬૯ ના રોજ મંડળ તરફથી બિરલામાતુશ્રી સભાગૃહમાં યોજવામાં આવેલ નાટ્ય પ્રયોગના વધારામાંથી નાટય પ્રયોગ અંગેનો ખર્ચ ઉપરાંત રૂ।. ૧૦,૦૦૦/- મંડળ ખર્ચ માટે બાદ કરી વધે તે રકમ સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટને મકાન ફંડમાં આપવી તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ટ) તા. ૨૪.૦૨.૧૯૭૦ ના રોજ મંડળ તરફથી મકાન માટે ભંડોળ ભેગુ કરવા ઘુઘંટ નાટકનો પ્રયોગ બિરલા માતુશ્રી સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. તેમાં પ્રમુખશ્રી તરીકે સ્વ. શ્રી દેવચંદભાઈ જેઠાભાઈ શાહ હાજર રહ્યા હતા. આ નાટ્ય પ્રયોગની ચોખ્ખી આવક રૂ।. ૬૫૦૦૦/- સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટને મકાન ફંડમાં આપવામાં આવી હતી.

થ) સને ૧૯૬૯-૭૦ માં સમાજજનોને જગ્યાનો જબજો સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટે આપ્યો હતો.

ડ) અંતે આ યોજના બનાવવા માટેની એકશન કમિટી ના દિવંગત અને હયાત સભાસદો, સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટનાં દિવંગત સ્થાપકો (સેટલરો), અને ખાસ કરી પ્રમુખ કાર્યકતાએ કે જેઓએ હરગોવનદાસ શાહ તથા પદમશ્રી સ્વ. શેઠશ્રી વિઠ્ઠલદાસ હકમચંદદાસ શાહના નામોનો આ યોજનાનાં ઈતિહાસમાં ન સામેલ કરીએ, તો ઈતિહાસ જરૂ અધૂરો ગણાશે.

૮. સ્વ. શેઠ શ્રી ચુનીલાલ ન્યાહલચંદ તથા સ્વ. શેઠ શ્રી ગીરધરલાલ ન્યાહલચટંદ ટ્રસ્ટ તરપથી મંડળને સમાજ માટે મુંબઈ ઓફીસ ખાતે જગ્યા આફેલ છે.

૯. સહયોગ ચેરીટેબલ ટ્રસ્ટે કાંદીવલી ખાતે સમાજ ખાતે સમાજ માટે ઓફીસની જગ્યા આપેલ છે.

૧૦. સ્વ. શ્રી નવનીતલાલ મંગલદાસ શાહ (પિલવાઈ) ના પરિવાર જનોએ સમાજ ને વિરાર ખાતે ઓફિસ માટે જગ્યા આપેલ છે.

૧૧. સ્વ. શેઠ શ્રી સુંદરલાલ તુલસીદાસ શાહના (માણસા) સુપુત્ર શ્રી મુકેશભાઈ શાહે વિરા ખાતે આવેલ જગ્યા સમાજજનોને કારણ પ્રસંગે વિના મુલ્ય વાપરવા આપવી છે.

૧૨. સમાજ વિવિધ પ્રવૃતિઓ કરે છે. જે પ્રવૃત્તિઓ આજના સમયમાં અત્યંત મોંઘી થતી જાય છે. તેમજ વ્યાજના દરો પણ ઘટતા જાય છે સાથે સાથએ સમાજજનોની સમાજ પાસેથી અપેક્ષા પણ વધતી રહી છે. આ વધતી અપેક્ષાને પહોંચી વળવા સમાજના દિવંગત પ્રમુખશ્રી નવીનભાઈ નારણદાસ શાહ, સ્વ. શ્રી બાબુલાલ ગોકલદાસ શાહ અને તે વખતની કાર્યવાહી સમિતિના પ્રયત્નોથી સમાજના વિવિધ નીજી ટ્રસ્ટોએ સમાજને હાપ્પટલાઈઝેશન બીલ્સ રાહત યોજના, માંગદી રાહત યોજના, શૈક્ષણિક યોજના અને આર્થિક રાહત યોજના નિયમોને અંતર્ગત અનુદાન આપવાનું નક્કી કર્યું હતું. જે આજના યુવા પ્રમુખશ્રી હર્ષદભાઈ જગમોહનદાસ શાહના પ્રયત્નોથી આ યોજનાઓ નિયમિત આજ સુધી ચાલી રહી છે.
મે. લલ્લુભાઈ અમીચંદ લી. ગ્રુપ ટ્રસ્ટ
મે. હાથીભાઈ બુલાખીદાસ ચેરીટેબલ ટ્રસ્ટ
મે. નટવરલાલ હરગોવનદાસ શાહ ટ્રસ્ટ
મે. ગોવિંદરામ શોભારામ કું. ટ્રસ્ટ
શ્રી રામદાસ નથ્થુભાઈ ટ્રસ્ટ
શ્રી કેશવલાલ મગનલાલ ટ્રસ્ટ
શ્રીમતી પુષ્પાબેન કાન્તીલાલ શાહ ટ્રસ્ટ
ઉપર જણાવેલ દાતાઓ તરફથી સમાજના વિવિધ કાર્યમાં અવિરત જરૂરીયાત મુજબનું અનુદાન મલી રહ્યું છે, તેની નોંધ લેતા સમાજ હર્ષ અનુભવે છે.

૧૩. મે. લલ્લુબાઈ અમીચંદ ગ્રુપના પ્રણેતા પદ્મશ્રી સ્વ. શ્રી વિઠ્ઠલદાસ હકમચંદ શાહે સમાજ - જ્ઞાતિને ઉપયોગી થાય તે નજરમાં રાખી મુંબઈમાં કોઠારી હૉસ્પીટલ, હરકીશનદાસ હોસ્પીટલ, ભાટીયા હોસ્પીટલ તથા અન્ય એજ્યુકેશનલ સંસ્થાોમાં માતબાર અનુદાન આપ્યા હતા. આ ઉપરાંત સમાજજનો એજ્યુકેટેડ થાય તે માટે લગભગ છેલ્લા ૫૦ થી ૬૦ વર્ષોથી અવિરત સહાય, તેઓશ્રીના વિવિધ ટ્રસ્ટો તરફથી આપવામાં આવે છે.
સમાજ ઉત્કર્ષ લક્ષી ઉમદા સખાવતો આપનાર પદજમશ્રી સ્વ. શેઠ શ્રી વિઠ્ઠલદાસ હકમચંદ શાહને સમાજના ભામાસા કહીએ તો જરાપણ અતિશયોક્તી ગણાશે નહી.

૧૪. મહીલાઓની વિકાસ માટે, શ્રી અશ્વિનભાઈ મોરલીધર શાહ (વસઈ), તથા સમ્રાટ ગ્રુપનાં સંચાલક શ્રી ગોવિંદભાઈ નટવરલાલ શાહે (માણસા) કાંદિવલી મહાવીર નગરમાં લગભગ ૨૫૦ ચો.ફુટ ની એક દુકાન કોઈપણ જાતની કિંમત લીધા વગર સમાજને ભેટ તરીકે આપેલ છે.

૧૫. રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ લાખ પૂરા) ના સ્વ. શ્રી કાન્તીલાલ મોહનલાલ શાહે (પિલવાઈ) આપેલ અનુદાનથી અનંતવાડી, નાગર નિવાસ ખાતે દવાખાનું શરૂ કરવામાં આવ્યું હતું. તે આજે પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત ભાટીયા હોસ્પીટલ, હરકીશનદાસ હોસ્પીટલ, કોટારી હોસ્પીટલ તથા અન્ય સંસ્થાઓમાં અનુદાન આપેલ છે.

૧૬. રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ પૂરા) શ્રી જયંતીલાલ વૃજલાલ શાહના સુપુત્ર શ્રી કુન્તલભાઈ તરફથી અનુદાન રૂપે મલ્યા હતા.

૧૭. છેલ્લા છ વર્ષોથી એટલે કે સને ૨૦૦૫-૨૦૦૬ થી અવિરત વાર્ષિક રૂ।. ૧,૦૦,૦૦૦/- અનુદાન આપનાર સ્વ. શેઠ શ્રી કાંતિલાલ તુલસીદાસ શાહનાં ધર્મપત્ની ગં.સ્વ. મંજુલાબેન કાંતિલાલ શાહનું (અંધેરી) નામ પ્રાથમીક શૈક્ષણિક યોજના સાથે જોડવામાં આવ્યું છે.

૧૮. સ્વ. શેઠ શ્રી કાંતિલાલ તુલસીદાસ શાહ (અંધેરી-ગામ માણસા) ના પરિવાર જનો તરફથી સને ૨૦૦૮-૨૦૦૯ માં રૂ।. ૭,૫૦,૦૦૦/- નાં માતબાર અનુદાન નજરમે રાખી થી સ્વર્ગસ્થ શ્રીનુંનામ કાયમી ધોરણે માંદગી રાહત યોજના સાથે સાંકળી લેવામાં આવ્યું છે.

૧૯. સને ૨૦૦૮ મા સમાજના એક દાતા શ્રી હેમંતભાઈ બાબુલાલ શાહે (પિલવાઈ) સમુહલગ્નમાં ટોટલ ખર્ચ જ્યારે સને ૨૦૦૯ માં સમુહલગ્ન શ્રી ભરતભાઈ (સ્વ. મોહનલાલ માધવજી) (પિલવાઈ) શાહના સુપુત્રે અને શ્રી હેમંતભાઈ (સ્વ. બાુલાલ વ્રીજલાલ શાહ) ના સુપુત્રે ટોટલ ખર્ચના ૧૦૦ ટકા અનુદાન રૂપે આપ્યા હતા.

૨૦. મંડળ/ સમાજ તરફથી છેલ્લા ૪૬ વર્ષોથી સમુહલગ્ન યોજાય છે. આટલાં લાંબા ઈતિહાસમાં સમાજના એક સાધન સંપન્ન સમાજજન સ્વ. ચંદુલાલ મુલચંદદાસ શાહે (વસઈ) તેમના પુત્ર અથવા પુત્રીના લગ્ન સમુહલગ્નમાં લઈ તે વખતે રૂ।. ૧૦,૦૦૦/- નું અનુદાન આપી ઉમદા દાખલો બેસાડયો હતો.

૨૧. સ્વ. શેઠ શ્રી લલ્લુભાઈ દામોદરદાસ શાહને (માણસા) બ્રીટીશ સરકારે રાવ બહાદુર નો ઈલ્કાબ આપ્યો હતો.

૨૨. સ્વ. શેઠ શ્રી વાડીલાલ ચુનીલાલ શાહને (પિલવાઈ) બ્રિટિશ સરકારે દાનેશ્વરીશ્રી નો ઈલ્કાબ આપી નવાજ્યા હતા.

૨૩. સ્વ. શેઠ શ્રી વિઠ્ઠલદાસ હકમચંદદાસ શાહને (માણસા) ભારત સરકારે પદમશ્રી ઈલ્કાબ આપી બહુમાન કર્યું હતુ.

૨૪. સ્વ. શેઠ શ્રી નવીનચંદ્ર નારણદાસ શાહને (માણસા) ગોવા સરકાર તરફથી વિકાસ શિરોમણી જાહેર કરી બહુમાન કર્યું હતું.

૨૫. માણસા વતની સ્વ. નટવરલાલ વિઠ્ઠલદાસ દાણી તથા સ્વ. ચીમનલાલ વિઠ્ઠલદાસ દાણીએ સ્વતંત્રતા ની લડાઈમાં ભુર્ગભમાં રહી સ્વતંત્રતાનાં પ્રચાર માટે મહાત્મા ગાંધી (બાપુજી) સાથે રહી ભાગ ભજવ્યો હતો.

૨૬. વસઈ-ડાભલા વતની સ્વ. શ્રી ગોકલદાસ જીવરામભાઈ શાહને ભારત સરકારે સ્વતંત્રતા સેનાની જાહેર કર્યા હતા.

આ ઉપરાત આપણા નવગામનાં કેટલાંત દિવંગત વડીલોએ પોત પોતાના વતનમાં સ્કુલો, કોલેજો, કન્યાશાળાઓ, બાલમંદિરો, મંદિરો, પરબો, હોસ્પિટલો, ગૌશાળા, વોટર વર્કસ, જરૂરિયાત વાળા સમાજજનો માટે રહેઠાણો બનાવવામાં અમુલ્ય ફાળો આપ્યો હતો અને તેનું નિર્માણ કર્યું હતું.

ઉપરોક્ત અનુદાનો ઉપરથી પ્રેરણા લઈ આજનો સાધનસંપન્ન યુવાવર્ગ આજના અનુરૂપ વિવિધ સમાજ ઉપયોગી કાર્યો કરવા આગળ આવશે એજ આશા.

લી.
વસ્તિપત્રક સમિતિ સંચાલક
નિરંજન ન. શાહ
(સંચાલક)